ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

# ગુજરાત રાજ્યમાં આવેલી જાહેર ક્ષેત્રની તથા ખાનગી ક્ષેત્રની બેંકોના અગત્યના નાણાકીય પાસાઓનો સંક્ષિપ્ત અભ્યાસ

**Amar raju k.**

Ph.d student

**૧.૧ પ્રસ્તાવના:**

અર્થતંત્રના મુખ્ય ત્રણ ક્ષેત્રો જેમાં ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્ર. બેન્કિંગ ક્ષેત્રે સેવા ક્ષેત્રનો એક મહત્વનો ભાગ છે. માટે ખેતી તથા ઉદ્યોગ ક્ષેત્રનો વિકાસ કરવો હોય તો બેન્કિંગ ક્ષેત્રએ આવશ્યક હોય છે, અને આજના આધુનિક યુગમાં બેંકિંગ ક્ષેત્ર વગરના અર્થતંત્રની કલ્પનાએ મુશ્કેલ છે. કોઈપણ દેશના આર્થિક વિકાસ માટે બેન્કિંગ ખૂબ જ અગત્યતા ધરાવે છે. માટે બેન્કિંગ ક્ષેત્રનો વિકાસ, વિસ્તાર અને તેની કામગીરીને લઇને સંક્ષિપ્ત અભ્યાસ હાથ ધરવામાં આવેલો છે જે આ પ્રમાણે છે.

**૧.૨ બેન્કિંગની વ્યાખ્યા, વિકાસ અને માળખું:**

- **આર.એસ.સેયર્સ:**"સામાન્ય બેન્કિંગ વ્યવસાયમાં રોકડ રકમનું બેંક થાપણમાં અને બેંક થાપણોનું રોકડમાં રૂપાંતર કરવામાં આવે છે. કોઈ વ્યક્તિ કે કંપનીની બેંક થાપણોનું અથવા ખાતામાં ટ્રાન્સફર કરવાનું તેમજ વિનિમય પત્ર સરકારી બોન્ડ્સ વ્યાપારીઓની સલામતી યુક્ત વચન ચિઠ્ઠીઓ (પ્રોમિસરી નોટસ) વગેરેના બદલામાં થાપણો જ ચાપવાનું કાર્ય પણ કરે છે."
- **જી. ક્રાઉથર:**"બેંક એક એવી સંસ્થા છે કે જેની પાસે નાણું ફાજલ પડ્યું રહેલું હોય અથવા તો પોતાની આવકમાંથી બચત કરતા હોય તે બધાની પાસેથી નાંણું એકઠું કરે છે અને જેમને જરૂર હોય તેમણે ઉછીનું આપે છે."

આ રીતે બેંક ધીરધારનો ધંધો કરે છે.

- **બેંકિંગ ક્ષેત્રનું મહત્વ:** આમ, તો બેંકિંગ ક્ષેત્રનું મહત્વ આંકીએ તેટલું ઓછું છે, પરંતુ સંક્ષિપ્તમાં સ્પષ્ટતા કરીએ તો ખેતીક્ષેત્રે નાણાકીય સગવડતાઓ અને સુવિધાઓ પુરી પાડવા અને તેનો આર્થિક વિકાસ કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. સાથેસાથે ઉદ્યોગ ક્ષેત્રે નાના, સૂક્ષ્મ, મધ્યમ અને મોટા ઉદ્યોગોને નાણાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે તેનું મહત્વ રહેલું છે. પછાત વિસ્તારોના વિકાસ માટે, વિદ્યાર્થીઓને નાણાકીય સહાય માટે, સરકારની

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

વિવિધ યોજનાઓમાં નાણાકીય ફાળવણી તથા શાખ પુરી પાડવા, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ બેંકોનું ખૂબ મહત્વ છે. આ રીતે ખેતી, ઉદ્યોગ, સેવા અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોમાં નાણાકીય શાખ તથા નાણાકીય સગવડતાઓ પૂરી પાડી દેશના આર્થિક વિકાસમાં બેંકોનું ખુબ યોગદાન છે, તથા સમયે સમયે ડિજિટલાઝેશનને પણ મહત્વ આપે છે. જેથી કાર્યની સરળતા સમયની બચત વગેરે હેતુને ધ્યાને લઇ તેનું મહત્વ આંકીએ એટલું ઓછું છે.

- **ભારતમાં બેન્કિંગ ક્ષેત્રનો તબક્કાવાર વિકાસ**:

***પ્રથમ તબક્કો (1,806 સુધી):** આ તબક્કામાં ભારતમાં કંપનીના શાસનકાળ દરમિયાન કલકત્તાની મેસર્સ અને એલેક્ઝાન્ડર કંપની તથા મેસર્સ ફર્ગ્યુસન કંપનીએ 1770માં બેંક ઓફ હિન્દુસ્તાનની સ્થાપના કરેલી જે બેંક થોડા સમય પછી બંધ થઈ ગઈ.

***બીજો તબક્કો ( 1806 થી 18 860 સુધી):** ઈ.સ.1806બેંક ઓફ બંગાળ 1840માં અને 1843 અનુક્રમે બેંક ઓફ બોમ્બે તથા બેંક ઓફ મદ્રાસ એમ ત્રણ પ્રેસિડેન્સી બેંકની સ્થાપના કરવામાં આવી હતી.

***ત્રીજો તબક્કો ( 1860 થી 1913 સુધી):** ત્રીજા તબક્કામાં ઈ.સ. 1865માં બેંક ઓફ અલ્હાબાદ, ૧૮૮૧માં એલાઇન્સ બેંક ઓફ શિમલા અને અવધ બેંક, 1895માં પંજાબ નેશનલ બેંક, ૧૯૦૧માં પીપલ્સ બેંક આ રીતે વિકાસ થયો. તથા ૧૯૦૬માં સ્વદેશી આંદોલન દ્વારા યુરોપિયન મુડી દ્વારા ચાલતી બેન્કોનો બહિષ્કાર કરવામાં આવ્યો અને કેટલીક ભારતીય બેંકોની સ્થાપના કરવામાં આવી ત્યારપછી ભારતીય બેન્કોની સંખ્યામાં ઘણો બધો વધારો થયો હતો.

VIDHYAYANA

***ચોથો તબક્કો ( 1913થી 1939 સુધી):** 1921માં ત્રણ પ્રેસિડેન્સી બેંકોનું એકીકરણ તથા ૧૯૩૫માં રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સ્થાપના કરવામાં આવી.

***પાંચમો તબક્કો(1939 થી 1946સુધી):** આ અવધિ બેન્કિંગ વિસ્તારની અવધિ કહી શકાય. બીજા વિશ્વયુદ્ધ પછી નાણાં વિસ્તરણના કારણે જ સામાન્ય વ્યક્તિની આવકમાં વધારો થયો પરિણામે બેંકોની થાપણોમાં પણ વધારો થયો છે.

***છઠ્ઠો તબક્કો ( 1947થી પછી):** ભારતની આઝાદી બાદ સૌપ્રથમ 1949માં આર.બી.આઈનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. તથા 1955માં ઇમ્પીરીયલ બેંકને state bank of india બનાવવામાં આવી અને સ્ટેટ બેંકની સાથેસાથે રાજ્યોની 8 બેંકોને સહાયક બેન્કો તરીકે જોડવામાં આવી આ રીતે સ્ટેટ બેન્ક સમૂહ તરીકે ઓળખાતી સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાને ૧૯૫૫માં નવું નામ આપવામાં આવ્યું. ત્યારબાદ ૧૯૬૯માં 14 મોટી બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. ૧૯૮૦માં ફરીથી છ બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું . આ રીતે બેંકોની ઘણી કામગીરીઓ અને મર્યાદાઓને ધ્યાને લઇ નરસિંહમ્ કમિટી, ખાન વર્કિંગ કમિટી, બેઝલના નિયમો વગેરેનો અમલ કરીને બેન્કિંગ ક્ષેત્રે સુધાર લાવવા વહીવટી સરળતાઓને ધ્યાને લઇ અને આ કમિટીની નિમણૂક અને નિયમો બનાવવામાં આવ્યા. આ રીતે બેન્કિંગ ક્ષેત્રે સુધાર લાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તથા ભારતમાં હજી સુધી પછાત વિસ્તારોમાં બેન્કો પહોચી નથી. માટે વિતિયસમાવેશને ધ્યાને લઇને પછાત વિસ્તારોમાં બેંકની સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે 2018માં સરકાર દ્વારા નવી પહેલો પેમેન્ટ બેંક, સ્મોલ ફાઇનાન્સ બેંક વગેરે શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી. આ રીતે બેંકિંગ ક્ષેત્ર વિકાસનો સંક્ષિપ્ત પરિચય હતો. હવે તેના માળખાની સ્પષ્ટતા આ પ્રમાણે છે.

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

- **બેંકિંગ ક્ષેત્રનું માળખું :**

**૧.૩ સંશોધન અભ્યાસના હેતુઓ:**

* ભારતમાં બેન્કિંગનું મહત્વ અને વિકાસ વગેરેનો અભ્યાસ કરવો.

* ગુજરાત રાજ્યની જાહેર તથા ખાનગી ક્ષેત્રની બેંકોના થાપણ ધિરાણ તથા તેનો રેશિયાનો અભ્યાસ કરવો.

* ગુજરાત રાજ્યની જાહેર તથા ખાનગી ક્ષેત્રની બેંકોનું એન.પી.એ તથા ક્રેડિટપ્લાન વગેરે પાસાઓનો  અભ્યાસ કરવો.

**૧.૪ સંશોધન અભ્યાસનું ક્ષેત્ર:** પ્રસ્તુત સંશોધન અભ્યાસએ ગુજરાત રાજ્યની ખાનગી તથા જાહેર ક્ષેત્રની બેન્કોના અગત્યના નાણાકીય પાસાઓનો સંક્ષિપ્ત અભ્યાસ છે. જેમાં બેન્કિંગની સામાન્ય માહિતી, થાપણો, ધિરાણ, બેન્કોનું ક્રેડીટપ્લાન, ગ્રાહકને અપાતી ATMની સુવિધાઓ અને મહત્વનો મુદ્દો ગુજરાતમાં ખાનગી તથા જાહેરક્ષેત્રની બેન્કોનું NPA વગેરે મુદ્દાઓને ધ્યાને લઈને સંક્ષિપ્ત સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે.

**૧.૫ મળતી માહિતીનું વિશ્લેષણ :**

ગુજરાત રાજ્યમાં જાહેર તથા ખાનગી ક્ષેત્રની બેન્કોને થાપણ, ધિરાણ અને થાપણ ધિરાણ રેશિયો(%) દર્શાવતું કોષ્ટક :

**In Laces**

| Banks | Year | No. Branches | Total Deposits | Total advances | CD Ratio % |
|---|---|---|---|---|---|
| Public Sector Banks | 2010 | 2736 | 13535629 | 8400823 | 62.06 |
| | 2015 | 3860 | 27382895 | 18624676 | 68.02 |
| | 2018 | 4145 | 33604555 | 20624829 | 61.38 |
| SBI and Group | 2010 | 1124 | 5780451 | 4256260 | 73.63 |
| | 2015 | 1338 | 10437871 | 7997070 | 76.62 |
| | 2018 | 1277 | 13894994 | 10111072 | 72.77 |
| Private Sector Banks | 2010 | 559 | 3829527 | 3699130 | 96.59 |
| | 2015 | 1260 | 8348876 | 10198920 | 122.16 |
| | 2018 | 1607 | 14796957 | 20679680 | 139.76 |

Source : SLBC Gujarat (Member Banks)

$$\text{CD Ratio} = \frac{\text{Total Advance}}{\text{Total Deposits}} * 100$$

*જાહેરક્ષેત્રની બેંકોની બ્રાન્ચો ૨૦૧૦માં 2736 હતી. જે ૨૦૧૮માં 4145 થઈ. તેની સામે cd ratio 62.06% હતો.

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

જે 61.38% થયેલો જોવા મળે છે.

*Sbi group ની બ્રાન્ચો ૨૦૧૦માં 1124 હતી. જે ૨૦૧૮માં 1277 થઈ. તેની સામે cd ratio 73.63% હતો. જે 72.77% થયેલો જોવા મળે છે.

*પ્રાઇવેટ ક્ષેત્રની બેંકોની બ્રાન્ચો ૨૦૧૦માં 559 હતી. જે 2018માં 1607 થઈ. તેની સામે cd ratio 96.59% હતો. જે 2018માં 139.76 થયેલો જોવા મળે છે.

| DISTRICT WISE SUMMARY ON CREDIT DEPOSIT RATIO AS OF 31.03.2018 | | | | | |
|---|---|---|---|---|---|
| No. | NAME OF CITY | No. of Branches | Total Deposits | Total Advances | CD Ratio |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| | (Rs. In Lacs) | | | | |
| 1 | AHMEDABAD | 1404 | 17962451 | 20674754 | 115.10 |
| 2 | AMRELI | 249 | 679325 | 435125 | 64.05 |
| 3 | ANAND | 378 | 2837564 | 874061 | 30.80 |
| 4 | ARAVALI | 127 | 317728 | 233339 | 73.44 |
| 5 | BANASKANTHA | 347 | 853888 | 1017161 | 119.12 |
| 6 | BHARUCH | 304 | 1683700 | 840028 | 49.89 |
| 7 | BHAVNAGAR | 308 | 1582249 | 853938 | 53.97 |
| 8 | BOTAD | 78 | 201649 | 163611 | 81.14 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 9 | CHOTAUDEPUR | 91 | 218345 | 111825 | 51.21 |
| 10 | DAHOD | 107 | 375620 | 131328 | 34.96 |
| 11 | DANG | 17 | 64046 | 7020 | 10.96 |
| 12 | DEVBHUMIDWARKA | 90 | 383527 | 142212 | 37.08 |
| 13 | GANDHINAGAR | 323 | 2959153 | 1799452 | 60.81 |
| 14 | GIRSOMNATH | 119 | 519608 | 248409 | 47.81 |
| 15 | JAMNAGAR | 253 | 1544953 | 1727974 | 111.85 |
| 16 | JUNAGADH | 234 | 1063258 | 578710 | 54.43 |
| 17 | KHEDA | 279 | 1356457 | 477824 | 35.23 |
| 18 | KUTCH | 414 | 3483687 | 1255667 | 36.04 |
| 19 | MAHISAGAR | 84 | 301426 | 104047 | 34.52 |
| 20 | MEHSANA | 374 | 1379298 | 1085898 | 78.73 |
| 21 | MORBI | 157 | 679363 | 1311315 | 193.02 |
| 22 | NARAMADA | 59 | 165038 | 79720 | 48.30 |
| 23 | NAVSARI | 262 | 1936776 | 439242 | 22.68 |
| 24 | PANCHMAHAL | 153 | 564541 | 273485 | 48.44 |
| 25 | PATAN | 168 | 503716 | 327982 | 65.11 |
| 26 | PORBANDAR | 89 | 761714 | 197187 | 25.89 |
| 27 | RAJKOT | 617 | 4088300 | 3704897 | 90.62 |
| 28 | SABARKANTHA | 268 | 704140 | 707434 | 100.47 |

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

| | | | | | |
|---|---|---|---|---|---|
| 29 | SURAT | 800 | 6700150 | 7199934 | 107.46 |
| 30 | SURENDRANAGAR | 195 | 731076 | 514923 | 70.43 |
| 31 | TAPI | 73 | 313204 | 93424 | 29.83 |
| 32 | VADODARA | 691 | 7844014 | 5454317 | 69.53 |
| 33 | VALSAD | 241 | 1479413 | 872941 | 59.01 |
| | GRAND TOTAL | 9353 | 66239377 | 53939185 | 81.43 |
| SOURCES : MEMBER BANK | | | | | |

*જિલ્લાના આધારે બેન્કોની બ્રાન્ચની સંખ્યા, થાપણો, ધિરાણ તથા cd ratio વગેરેનું પ્રમાણ ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે. જેમાંથી એવું સ્પષ્ટ તારણ ઉતરી આવે છે કે ડાંગ જિલ્લો, નર્મદા જિલ્લો, તાપી જીલ્લો, બોટાદ જીલ્લો વગેરે જિલ્લાઓમાં બ્રાન્ચોની સંખ્યા તથા cd ratioનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જેની સામે અમદાવાદ, વડોદરા, સુરત જેવા વિકસિત જિલ્લાઓમાં બ્રાન્ચોનું પ્રમાણ વધારે પ્રમાણમાં જોવા મળે છે અને CD Ratioની ટકાવારી વધારે જોવા મળે છે.

**ગુજરાત રાજ્યની ખાનગી તથા જાહેરક્ષેત્રની બેંકોનું કુલ ધિરાણ અને ગ્રોસ NPA દર્શાવતું કોષ્ટક:**

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

**In Laces**

| Sr.no. | Bank | Total Advance | | Gross NPA | | Gross NPA (%) |
|---|---|---|---|---|---|---|
| | | A/C | Amount | A/C | Amount | |
| 1. | Public Sector Banks | 2268682 | 20624829 | 195112 | 2611371 | 12.66 |
| 2. | SBI | 901624 | 10111072 | 21565 | 421671 | 4.17 |
| 3. | Private Sector Banks | 3256507 | 20679680 | 83502 | 401593 | 1.94 |

Source : SLBC Gujarat (Member Banks)

*ઉપરોક્ત કોષ્ટકમાં પબ્લિક સેક્ટરની બેંકો તથા પ્રાઇવેટ સેક્ટરની બેંક કુલ ધિરાણ તેની સામે gross npa નું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. તથા ગ્રોસ એનપીએ ટકાવારીમાં પણ દર્શાવવામાં આવ્યું છે. જેમાં પબ્લિક સેક્ટરની જે બેંકો છે એમાં 12.66% જેટલું npa નું પ્રમાણ તથા એસ.બી.આઈ.નું 4.17 % npa જેટલું પ્રમાણ અને પ્રાઇવેટ સેક્ટરની બેંકમાં 1.96% જેટલું એનું પ્રમાણ જોવા મળે છે.

Source : SLBC Gujarat (Member Banks)

Source : SLBC Gujarat (Member Banks)

*જિલ્લાના આધારે વર્ષનો ક્રેડિટ પ્લાન 2018- 19 નો જેમાં જિલ્લાના આધારે બેન્કોએ ખેતી ક્ષેત્રે જે ક્રેડિટ ફાળવેલ છે. ખેતી સાથે સહાયક ઉદ્યોગો અને આંતરમાળખામાં જે ક્રેડિટ પ્લાન કરેલો છે. તેની સાથે સાથે msme, એજ્યુકેશન, હાઉસ, એક્સપોર્ટ ક્રેડિટ સામાજિક આંતરમાળખું અને રિન્યુએબલ

એનર્જી આ રીતે મહત્ત્વના ક્ષેત્રોમાં જે ક્રેડિટ પ્લાન કરેલો છે. તે દર્શાવવામાં આવ્યો છે. જેમાં કુલ મહત્વના ક્ષેત્રોમાં એકાઉન્ટ 63644099 લાખમાં છે અને ક્રેડિટ પ્લાન 12822744 લાખનો છે.

**ગુજરાત રાજ્યની ખાનગી તથા જાહેરક્ષેત્રની બેંકો દ્વારા અપાતી ATMની સંખ્યા દર્શાવતું કોષ્ટક:**

| Metro | Urban | Semi-urban | Rural | Total |
|---|---|---|---|---|
| 4375 | 2071 | 2804 | 2177 | 11427 |

Source : SLBC Gujarat (Member Banks)

*ઉપરોક્ત કોષ્ટક ખાનગી તથા જાહેર ક્ષેત્રની બેંકો ગ્રાહકોને જે સેવાઓ પૂરી પાડે છે. તેમાંની એક સેવા પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પસંદગી પામેલી છે. જે એટીએમની સુવિધા ગુજરાત રાજ્યમાં કેવી છે. તેનું પ્રમાણ કેટલું છે. તે જાણવાનો આ સંશોધન અભ્યાસમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યમાં 2018માં atmની સંખ્યા મેટ્રો સિટીમાં 4375, અર્ધશહેરોમાં 2804, ગ્રામીણ વિસ્તારમાં 2177 આમ કુલ ગુજરાત રાજ્યમાં 11427 જેટલા atm ની સંખ્યા હતી.

**૧.૬ તારણો :**

**અભ્યાસની ઉજળી બાજુ:** પ્રસ્તુત સંશોધન અભ્યાસએ ગુજરાત રાજ્યની ખાનગીક્ષેત્રની તથા જાહેરક્ષેત્રની બેન્કોના અગત્યના નાણાકીય પાસાઓનો સંક્ષિપ્ત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં બેંકોની ઉજળી બાજુની વાત કરીએ તો,

*પબ્લિક સેક્ટરની બેંકો થાપણોની સામે ધિરાણો ઓછું કરતી હોય એવું ધ્યાને આવે છે એટલે કે જોખમ થોડુંક ઓછું લે છે, જ્યારે ખાનગી ક્ષેત્રની બેંકો થાપણોની સામે ધિરાણો વધારે કરે છે. છતાંપણ બેન્કોનું સમગ્ર લેવલે NPAનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જે સારી બાબત છે.

*જિલ્લાના આધારે જોઈએ તો બેંકો થાપણો અને ધિરાણ રેશીયોની ટકાવારી સારી જોવા મળે છે.

*npaની વાત કરીએ તો જાહેરબક્ષેત્રની બેંકોનું એનપીએ વધારે જોવા મળે છે. જ્યારે ખાનગી ક્ષેત્રની બેંકોનું એનપીએનું પ્રમાણ ઓછું જોવા મળે છે. એટલેકે જાહેર ક્ષેત્રની બેંકો ધિરાણ ઓછું કરે છે. છતાંપણ npa પ્રમાણ વધારે છે. જ્યારે ખાનગી ક્ષેત્રની બેંકો ધિરાણ વધુ કરતી હોય છતાં તેનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

*જિલ્લાના આધારે ક્રેડિટ પ્લાનની વાત કરીએ તો જે બેંકો ખેતીક્ષેત્રે અને ખેતીની સહાયક પ્રવૃત્તિઓમાં તથા તે એમ.એસ.એમ.ઈ, એજ્યુકેશન, હાઉસિંગ, એક્સપોર્ટ અને સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા રિન્યુએબલ અને અન્ય ક્ષેત્રોમાં ક્રેડીટપ્લાનની કામગીરી ખુબ સરસ જોવા મળે છે. જે એક સારી બાબત છે.

*ગુજરાત રાજ્યમાં ગ્રાહકને મળતી બેન્કિંગ ફેસેલીટીની વાત કરીએ તો પાંચ-છ હજારની વસ્તીએ એક બેન્ક અને એટીએમની સુવિધા જોવા મળે છે. જે એક સારી બાબત છે.

**પ્રસ્તુત સંશોધન અભ્યાસની નબળી બાજુ:** ગુજરાત રાજ્યમાં બેન્કિંગક્ષેત્રનો ખૂબ સારો વિકાસ થયેલો જોવા મળે છે. છતાંપણ અને થોડી ઘણી નબળાઈઓ જોવા મળે છે. જેમકે ઘણાં પછાત વિસ્તારો છે ત્યાં બેન્કિંગ સુવિધાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. બ્રાન્ચોની સંખ્યા ઓછી જોવા મળે છે. થાપણોની સામે ધિરાણોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. બરાબર ક્રેડિટ પ્લાનનો પણ વ્યવસ્થિત ઉપયોગ જોવા મળતો નથી. પબ્લિક સેક્ટરની બેંકોનું વધતું જતું એમપીએએનું પ્રમાણ આ બધી સમસ્યાઓ છે. જે પ્રસ્તુત સંશોધન અભ્યાસની નબળી બાજુ દર્શાવી શકાય.

## સંદર્ભ સૂચી :


- G. Crowther, *An Outline of Money,* Read Books Publication (2007).
- R.s. Sayers, *Morden Banking*
- Web : SLBC Gujarat
- www.Banking Structure.in